R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 30 DATE: 26-07-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## બજેટમાં હોમલોનના કરમુક્ત વ્યાજ પર ટેક્સનું ભારણ વધ્યું,જ્યારે સરકારે ઘટ્યુ હોવાનો દાવો કર્યો હતો

તાજેતરમાં કેન્દ્ર સરકારના નાણાં મંત્રી અરુણ જેટલીએ રજુ કરેલા બજેટમાં હોમલોનના કરમુક્ત વ્યાજની મર્યાદા રુ.૧.૫૦ લાખથી વધારીને રુ.૨ લાખ કરવાની ધોષણા કરીને ઘર ખરીદવા ઈચ્છતા મધ્યમવર્ગના લોકોને લાભ આપ્યો હોવાની છાપ ઉભી કરી હતી.પરંતુ વાસ્તવિકતા એવી છે કે ભુતપુર્વ નાણાંમંત્રી પી.ચિદામ્બરંમે હોમલોન પર કરમુક્ત વ્યાજ માટે લાદેલા નિયમો નાણાંમંત્રી જેટલીએ ઉપાડી લીધા છે.પરંતુ સામી બાજુ અગાઉ કરમુક્ત વ્યાજની લિમિટ જે ૨.૫૦ લાખ હતી તેને ઘટાડીને રુ.૨.લાખ કરી દીધી છે.

હોમલોન પરના વ્યાજમાં કરમુક્તિની મર્યાદા રુ.૨.૫૦લાખથી ઘટાડી રુ.૨ લાખ કરતાં ગયા વર્ષે ૨૫ લાખ સુધીની હોમલોન લેનારા અને ૫ લાખથી ૧૦ લાખ કે પછી ૧૦ લાખ કરતાં વધુ આવક ધરાવતા કરદાતાઓન રુ.૧૦,૩૦૦ ટેક્સ વધુ જમા કરાવવાનો રહેશે. જ્યારે ૧૦ લાખ કરતાં વધુ આવક ધરાવતા કરદાતાઓને રુ.૧૫,૪૫૦ ટેક્સ વધુ જમા કરાવવો પડશ.ઉપરછલ્લી રીતે દેખાડાતો ફાયદો, ફાયદો નથી પરંતુ વધુ ટેકસ ભરવાની યોજના છે.

સી.એ. કરીમના મતે વર્ષ ૧૩-૧૪માં હોમલોન લેનારા ગ્રાહકોને આ સુધારાને કારણે નુકશાન જશે.અત્યાર સુધી ઈન્કમટેક્ષ એક્ટ૧૯૬૧ની કલમ ૮૦ઈઈ હેઠળ કરદાતા રુ. ૫૦ લાખ સુધીના વ્યાજ પર ટેક્સ બચાવી શકતો હતો. આ સુધારાને કારણે કરદાતાઓ પર ટેક્સનુ ભારણ ૧૦ થી ૧૫ હજાર જેટલું વધશે.નાણાંમંત્રીએ હોમલોનનું વ્યાજ ટેક્સમાં બાદ મેળવવાની અન્ય શરતો નાબુદ કરીને કલમ ૮૦ઈઈ હેઠળ મળતા લાભ પાછા ખેચી લીધા છે.

આમ સરકારે ગરીબો અને મધ્યમવર્ગને લાભ આપનારુ બજેટ કહીને કોથળામાં પાંચ શેરી મુકીને મારી છે.

## શસ્ત્ર પરવાનાનું ઓનલાઇન રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવાયું

માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં સત્તાવાર રીતે હથિયારો માટે લાઈસન્સની ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા ફરજીયાત બનાવવામાં આવી છે.ગેરકાયદેસર હથિયારો સામે વ્યાપક ઝુંબેશ અગાઉ નેશનલ ડેટા બેઝ ઓન આર્મ્સ લાઈસન્સમાં હથિયારો,ની નોધણી વખતે કેટલીક ગંભીર વિગતો બહાર આવી છે. અમદાવાદમાં નોધાયેલ ૫૬૩૦ લાયસંસ ધારકોમાથી ૩૮૦ ધારકોનો પત્તો મળતો નથી.પોલીસે તેમને શોધવા માટે કવાયત હાથ ધરી છે.

અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીમાં નોધાયેલ હથિયાર પરવાનાની લાઈસંસ બ્રાંચ દ્વારા ઓનલાઈન એન્ટ્રી કરવાની કાર્યવાહી ચાલી રહી છે.ઓનલાઈન નોંધણીમાં દરેક હથિયાર પરવાના માટે યુનીક આઈડી નંબર જનરેટ થાય છે તે લાઈસંસ પર લગાવવાનો હોય છે.શહેરમાં ૫૬૩૦ હથિયાર પરવાનામાંથી ૫૨૩૦ પરવાનાની નોધણી થઈ ગઈ છે.ના નોધણી માટે દરેક લાયસંસ તા. ૩૧.૧.૨૦૧૫ની પરિસ્થિતિએ રિન્યુ થયેલ હોવુ જરુરી છે.૫૬૩૦માંથી હજુ સુધી ૩૮૦ પરવાનેદારોએ તેમના લાયસંસ રીન્યુ કરાવ્યા નથી.

લાયસંસ બ્રાંચના એડી.કમિશ્નર ઓફ પોલીસે કહ્યું હતું કે ૩૧ ઓગષ્ટ,સુધીમા ગુજરાતના તમામ હથિયાર લાઈસંસ ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા પુર્ણ કરવાનો ટાર્ગેટ રખાયો છે.જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં જે હથિયાર અને લાઈસંસ એનડીએએલમાં રજીસ્ટ્રેશન થયું નહી હોય તે તમામ પરવાના આપમેળે રદ ગણાશે અને તે પછી આ હથિયારનો કબજો ગેરકાનુની ગણાશે.અન્ય રાજ્યોમાંથી હથિયાર પરવાના મેળવી અને હથિયાર સાથે ગુજરાતમાં રહેતા કે સ્થાયી થયેલા તમામ પરવોદારોએ તેમના રહેઠાણની જગ્યા પર ક્ષેત્રાધિકાર ધરાવતા કલેકટર કે પોલીસ કમિશ્નર કચેરીની લાઈસંસ બ્રાંચમાં હથિયારની વિગતો નોધાવવી પણ ફરજીયાત છે.

## જમ્મુ- કાશ્મીરને સ્પર્શતી બંધારણની કલમ ૩૭૦ નાબુદ કરવાની કોઇ દરખાસ્ત નથી,સરકારની સ્પષ્ટતા

કલમ ૩૭૦ નાબુદ કરવાની બાબતે લોકસભામાં સરકારે માહીતી આપી હતી કે આ કલમને રદ કરવાની સરકારની કોઈ દરખાસ્ત નથી.

તુલમુલ કોગ્રેસના સભ્ય સૌગતા રાયના એક લેખિત પ્રશ્નના જવાબદમાં રાજયકક્ષાના મંત્રી કિરણ રિજ્જુએ આ જવાબ આપ્યો હતો.રાયે આર્ટિકલ ૩૭૦ને રદ કરવાની સરકારની કોઈ દરખાસ્ત છે કે કેમ તેવો સવાલ કર્યો હતો.એનડીએની સરકાર સત્તા પર આવી ત્યારે રાજયકક્ષાના મંત્રી જીતેન્દ્ર સિંહે આ બાબતે કહ્યુ હતું કે સરકાર આર્ટિકલ ૩૭૦ની લાયકાત અને ગેરલાયકાતો બાબતે ચર્ચા કરશે.તેની સાથે તે જમ્મુ-કાશ્મીરના સમાજના દરેક વર્ગનો સંપર્ક કરીને નહી મનાવેલાને મનાવવા પ્રયત્ન કરશે.ચુંટણી પહેલા બંધારણના આર્ટિકલ ૩૭૦ને દુર કરવાની જાહેરાતો અને પ્રચાર આ સરકારે કર્યો હતો.પરંતુ હવે આ મામલે તેમણે ફેરવી તોળ્યું છે.જો કે ઊધમપુરથી ચુંટાયેલ સિંહે જણાવ્યું હતું કે ભાજપ આ મામલે અત્યંત વ્યાવસાયિક રીતે કામ કરી રહ્યો છે.કાશ્મીર ખીણમાં મુલાકાતો યોજી રહ્યો છે અને તેમાંથી અનેકને મનાવવા સફળ રહ્યા છે તેઓ દાવો કર્યો હતો.ભુતકાળમાં પણ જ્યારે એનડીએની સરકાર રચાઈ હતી ત્યારે પણ આ મુદ્દે તેઓએ લોકોને સ્પષ્ટ વચન આપ્યુ હતું કે તેઓ કલમ ૩૭૦ને રદ કરશે.પરંતુ તે વખતે તેઓની સંસદમાં બહુમતી નહોતી, પરંતુ આ વખતે તેઓની સંપુર્ણ બહુમતી છે.તેથી તેઓ આ બાબતે ભવિષ્યમાં પણ વિચારતો કરશે,કારણકે આ હિદુત્વની સાથે જોડાયેલ મુદ્દો છે.

## ગરીબ મધ્યમવર્ગને પાંચ વર્ષમાં ૨૨ લાખ મકાનો અપાશે

ગરીબો,ઓછી આવક ધરાવતા અને મધ્યમવર્ગના લોકોને પાંચ વર્ષમાં ૨૨ લાખ મકાનો આપવાની જાહેરાત સાથે નીતિન પટેલે કહ્યું હતું કે શહેરી વિસ્તારમાં ૭.૫૦ લાખ ઝુપડાવાસીઓને ૩૬ ચો.મી.ના મકાનો બનાવી આપવામાં આવશે.જેમાં કોમ્પ્યુટરાઈઝડ ડ્રોથી આવાસો ફળવાશે.આ માટે રાજીવ આવાસ યોજના હેઠળ વિવિધ શહેરો માટે રુ.૩૩૬ કરોડના ૧૦ પ્રોજેકટ મંજુર કરાયા છે.આર.એચ.વાય, એ.એચ.પી યોજના હેઠળ પણ પ્રોજેક્ટ માટે ૪૯૯ કરોડ મંજુર કરાયા છે.એફોર્ડેબલ હાઉસીંગ એન્ડ પાર્ટનરશીપ યોજના માટે ૩૫૦૦૦ આવાસો માટે ૨૦૪ કરોડ ફાળવાયા છે.મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ લાભાર્થી કુટુંબને ૨૫ ચો.મી. કારપેટવાળું પાકુ મકાન મફત અપાશે.રુ.૧ લાખથી ઓછી આવક ધરાવતા લોકોને આ મકાન રુ. ૩ લાખમાં અપાશે અને તેમાં રાજ્ય સરકાર ૧.૫ લાખની સહાય આપશે .ઉપરાંત ૧ થી ૨.૫ લાખની વાર્ષિક આવક ધરાવતાં લાભાર્થીઓને રુ.૭.૫૦ લાખથી ૧૧ લાખની કિમતમાં મકાન ઉપલબ્ધ કરાવાશે. જેમાં સરકાર રુ. ૧ લાખની સહાય કરશે

## શિક્ષકો-વિદ્યાસહાયકોની બદલીના નિયમોમાં ફેરફાર

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો અને વિદ્યાસહાયકની બદલીના નિયમોમાં ફેરફાર કરાયા છે.જેમાં નવી જોગવાઈ મુજબ અરસ પરસ બદલીની માંગણી કરનારા શિક્ષકોની અરજીની તારીખે પાંચ વર્ષની સેવા બાકી હોવી જોઈએ.આ રીતે બદલી થયા પછી શિક્ષક પાંચ વર્ષ સુધી સ્વેચ્છિક નિવૃત્તિની માંગણી કરશે નહીં.તેની લેખિત બાંયેધરી અરજી કરતી વખતે આપવાની રહેશે.અરસ પરસ બદલીની માંગણી કરનારા બંને શિક્ષકોની માંગણી તેમના વતનના તાલુકા જિલ્લામાં જવાની હોવી જોઈએ અને મહિલા શિક્ષિકા માટે તેના સાસરી કે પીયરના જિલ્લા-તાલુકાની માંગણી હોવી જોઈએ.અરસ પરસ બદલી માંગતા શિક્ષકો બંને એક જ વિભાગના હોવા જોઈએ.જુદા જુદા વિભાગના શિક્ષકોની અરસ પરસ બદલી થઈ શકશે નહી.

છેલ્લા કેટલાક સમયથી શિક્ષકોની બદલીઓમાં માંગણી કરનારા શિક્ષકોની અરજીમાં ન્યાય મળતો નહોતો.હવે નિયમોમાં ફેરફાર થવાથી અન્યાય દુર થશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

વરસાદની સીઝનમાં આવેલ ફેરફારોને કારણે તેમજ નજીવા વરસાદને કારણે લોકોની મુઝવણોમાં વધારો થવા પામ્યો છે. શાકભાજીના ભાવો આસમાને પહોચી ગયા છે.જીવનજરુરીયાતની ચીજવસ્તુઓમાં ભારે વધારો નોધાયો છે.નવી સરકાર જે અચ્છે દિનની વાત કરીને લોકોને મત મેળવ્યા છે તે લોકોને હજુ સુધી અચ્છે દિન આવ્યાની કોઈ લાગણીનો અહેસાસ થતો જોવા મળ્યો નથી. ઉપરથી તેઓ છેતરાયા હોવાની લાગણી ચોમેર પ્રસરી રહી છે.

જે લોકો મત માંગતા પહેલા પાડોશી દેશો માટે જે વાણી વિલાસ કરતા હતા તેઓ અત્યારે આજ પાડોશીઓની ભવ્ય આગતા સ્વાગતા કરી રહ્યા છે અને કસાબની બીરીયાનીને પેચીદો મુદ્દો બનાવનારાઓ પાકિસ્તાનથી આવેલા પ્રતિનિધિ મંડળને બીરીયાની ખવડાવી રહ્યા છે.પ્રજા મુક પ્રેક્ષક બનીને આ તમાશો જોઈ રહી છે.ભાજપના કેટલાક લોકોમા આ બાબતે આક્રોશ ફેલાયો છે પરંતુ હાઈકમાન્ડ આગળ આજ સુધી કોઈનું ચાલ્યુ નથી કે ચાલશે નહી.

કોગ્રેસ ચુંટણીમાં હારી ગયા પછી તેને ફરી પાછી બેઠી ના થઈ શકે તેવી વ્યવસ્થા વિરોધીઓ દ્વારા કરવામાં આવી છે. કોગ્રેસમાં લાલચુઓને લલચાવીને પક્ષને તોડીફોડીને અવદશા કરવામાં વિરોધીઓ મહેનત કરી રહ્યા છે.ખેર, જે થવાનુ હશે તે થશે,પરંતુ લોકોમાં આક્રોસ વધતો ચાલ્યો છે તેને સરખો કરવા સત્તામાં બેઠેલા લોકોએ કમર કસવી પડશે. સટોડીયાઓ અને કાળા બજારીયા વેપારીઓએ તો ભાજપ સત્તા પર આવ્યા બાદ રીતસરની લુંટ ચલાવવા માંડી છે.ચર્ચીલે આ દેશને આઝાદી આપતાં પહેલા કહેલું કે આ દેશના સામાન્ય નાગરિકોને આપણે પીંઢારા, લુંટારાઓ,ચોરો,અને કપટીઓના હાથમાં સોપી રહ્યા છે.સમય એવું બતાવે છે કે આ શબ્દો સાચા પડ્યા છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૨)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૨૪ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૩૧-૧૦-૮૬ | ૧૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૫ | બીઇ(ઈલેક્ટ્રોનિક)ડીપ્લો.ઇન્ડ.ઈલેક્ટ્રો. | ૧૨-૧-૮૫ | ૧૦૦૦૦ | મેથો | કુંવારા |
| ૩૨૭ | એમ.એસ.કોમ્પ્યુ.એન્જી.(અમેરીકા) | ૨૨-૧૦-૮૪ | ૩લાખ | આર.સી. | કુંવારા |
| ૩૨૮ | બીબીએ ડીપ્લો.ઈલેક્ટ્રી.એન્જી. | ૭-૧૦-૭૯ | ૩૦૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૩૨૯ | એમએસડબલ્યુ | ૧૫-૧-૭૯ | - | આર.સી. | કુંવારા |
| ૩૩૦ | બી.કોમ.ડીપ્લો.ઈન કોમ્પ્યુનીટી વેલ્ફેર(ઓસ્ટ્રે.) | ૧૨-૨-૮૨ | ૧૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૩ | એમએસસી.હોર્ટી (એગ્રી) ઓસ્ટ્રેલીયા | ૫-૭-૮૧ | ૬૦૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૩૩૪ | એમબીએ(માર્કેટીંગ) | ૧૯-૧-૮૬ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૯ | પીટીસી.બીએ.કોમ્પ્યુ.(બેઝીક) | ૧૫-૧૨-૮૩ | ૫૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૬૪૦ | પીટીસી,એમએ બીએડ(અંગ્રેજી) | ૯-૧- | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૧ | ૧૨પાસ,લીથોઓફસેટ,મોટર રીવા.આઈટીઆઈ | ૨૬-૭-૮૧ | ૩૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૩ | એમએસસી.બીએડ.કેમેસ્ટ્રી | ૨૫-૮-૮૫ | ૫૩૦૦ | મેથો. | કુંવારા |
| ૬૪૪ | માસ્ટર કેમ એન્ડ સીએનસી ટેકનો.આઈટીઆઈ | ૧૦-૫-૮૩ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૫ | એમએ બીએડ(અંગ્રેજી)બીપીએડ ચાલુ | ૪-૭-૮૨ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૬ | પીટીસી,એમ.એ. | ૧૫-૮-૮૫ | ૨૩૧૨૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૭ | એમએ બીએડ | ૧૮-૬-૮૫ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૯ | પીટીસી | ૨૧-૨-૮૪ | ૨૧૦૦૦ | મેથો. | કુંવારા |
| ૬૫૦ | ૧૨ પાસ.ફસ્ટએઈડ પેરામેડીકલ નર્સીંગ | ૧૨-૫-૮૫ | ૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૫૧ | ૧૧ પાસ | ૧૨-૨-૬૮ | ૧૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૬૫૨ | બીકોમ | ૧૩-૬-૬૭ | ૨૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૬૫૩ | ૯ પાસ | ૨૩-૭-૭૭ | ૨૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૩૦ | બીએ.ડીપ્લો.ઈન કોમ્પ્યુ.ગ્રાફીક | ૨૮-૫-૭૫ | ૪૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૩૧ | એમએ બીએડ | ૧૦-૧૨-૭૫ | ૧૬૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૩૩ | એમએ બીએડ (અંગ્રેજી) | ૧૦-૮-૮૪ | ૫૩૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૩૪ | બીકોમ | ૨૨-૨-૭૦ | ૧૧૭૨૫ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૨) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩૩ | પોસ્ટબેઝિક,બીએસસી નર્સીંગ | ૨૨-૮-૮૯ | ૧૪૦૦૦ | મેથો | કુંવારા |
| ૩૩૪ | બીબીએ,એમબીએ.ફાઈ.(અંગ્રેજી મીડી.) | ૨૦-૬-૮૯ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૩૫ | ૧૨સાયંસ,ફાર્માસી ૨વર્ષ,નર્સીંગ ૨નીંગ૧વર્ષ | ૨૨-૨-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૩૩૬ | બીબીએ,એમબીએ,૨નીંગ | ૧૦-૮-૯૦ | ૧૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૩૭ | ડીપ્લો.કોમ્પ્યુ.એન્જી.બીટેક,કોમ્પ્યુ.સાયંસ(ઈંગ્લીસ) | ૧૫-૪-૮૮ | ૧૧૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૮ | બીકોમ.એમસીએ | ૧૨-૧૧-૮૫ | ૨૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૩૯ | બીએ,(ઈગ્લીંસ)કોમ્પ્યુ.સીસીસીએન્ડએસએપી. | ૩-૨-૮૫ | ૧૦૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૩૪૧ | ડીપ્લો.ઈન ઈલેક્ટ્રીકલ એન્જી.કોમ્પ્યુ.પીજીડીસીએ | ૩-૧-૮૦ | ૪૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૪૦ | ડીપ્લો.જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફ | ૬-૭-૮૮ | ૨૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૪૨ | એમએસસી બીએડ.(ઈગ્લીંસ મીડીયમ) | ૫-૬-૮૭ | ૧૦૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૨૪ | નર્સીંગ ૧ વર્ષ(અનાથ) | ૯-૫-૮૮ | - | આર.સી. | કુંવારા |
| ૪૨૫ | પીટીસી (અનાથ) | ૨૫-૯-૮૯ | ૪૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૨૬ | સેક્રેટરી કોર્સ(ઈંગ્લીસ મીડીયમ)અનાથ | ૨૨-૧૨-૯૪ | - | આર.સી. | કુંવારા |
| ૪૨૭ | બીએ બીએડ.(ઈંગ્લીશ) | ૨૯-૫-૮૫ | ૫૪૦૦ | મેથો. | કુંવારા |
| ૪૨૮ | એમએ.બીએડ(ચાલુ) | ૨૫-૨-૮૭ | - | સીએનઆઈ | કુંવારા |
| ૪૨૯ | પીટીસી | ૩૧-૧૦-૮૮ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૩૧ | ૧૨ પાસ | ૧૪-૧૦-૯૧ | - | સા.આર્મી. | કુંવારા |
| ૪૩૨ | ૧૨પાસ ડીપ્લો.ક્લોપીંગ,એસવાય | ૧૭-૭-૬૯ | ૧૫૦૦૦ | આલ્ફા | કુંવારા |
| ૪૩૪ | એમએ ,એમએડ,સીસીસી પાસ | ૬-૧૦-૮૫ | ૯૪૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૩૫ | ૧૨ પાસ,૧ વર્ષ નર્સીંગ કોર્ષ | ૪-૬-૮૮ | ૬૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૩૦ | એમએ બીએડ | ૨૭-૫-૮૧ | ૨૧૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૪૦ | ૧૦પાસ,ઈંગ્લીંસ મીડી.કોમ્પ્યું.કોર્ષ | ૯-૭-૮૪ | ૧૧૦૦૦ | મેથો. | છુટાછેડા. |
| ૧૪૨ | બીએસસી.(નર્સીંગ)અમેરીકા સીટીઝન | ૧-૯-૭૩ | - | મેથો. | છુટાછેડા |
| ૧૩૩ | બીએ.હોસ્પી.મેનેજમેન્ટ,અમેરિકા સીટીઝન | ૨-૧૨-૭૯ | ૨૦૦૦ડોલર | સીએનઆઈ | છુટાછેડા |
| ૧૧૮ | ૧૦પાસ | ૧-૪-૫૯ | ૬૦૦૦ | મેથો. | વિધવા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૨)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૩)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# માર્ગ અનેક નેમ એક
# ઇરાદો નેક વિકાસ પહોચ્યો
# છેડે છેક

## સતત પરિશ્રમના ૬૦ દિવસમાં ........

★ સરદાર સરોવર યોજના : ક્ષણનો પણ વિલંબ નહી,સિધ્ધિ વિના જંપ નહીં.

★ નીડર લીડર : અમલીકરણના સામર્થ્ય સાથે ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક ૧૦૦ દિવસની લોકાભિમુખ એજન્ડા

★ મહિલા સશક્તિકરણ : રાજ્યમાં પ્રથમવાર યોજાયું મહિલા કૃષિ સંમેલન સુરક્ષાસેતુ યોજના અન્વયે મહિલાઓને સ્વરક્ષણની તાલીમ : મહિલા સુરક્ષા સમિતિનો વધ્યો વ્યાપ

★ કૃષિ મહોત્સવ ૨૦૧૪ની હાઇટેક ઉજવણી : હરિતક્રાંતિના ગુજરાત મોડેલ માટે કૃષિલક્ષી માહીતી પુરૂ પાડતું કિશાન પોર્ટલ મોબાઇલ એપ્સ લોંચ

★ જનહીતના કાર્યોને પ્રાથમિકતા : સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણમાં નાગરિકોની પડતર રજુઆતોના પારદર્શી નિવારણ સાથે ઝીરો પેન્ડન્સીનો નવતર અભિગમ

★ માયાળુ અને વાત્સલ્યપુર્ણ વ્યક્તિત્વ : સરકારી અને જાહેર કાર્યક્રમોમાં સત્કાર માં મળતી ખાદ્યાન-ફળફળાદી-કઠોળ-શાકભાજીની ભેટ સોગાદો આંગણવાડી ના કુપોષિત બાળકો,સગર્ભા માતાઓના સશક્તિકરણ માટે દાનમાં આપવાનો સંવેદના સ્પર્શીય નિર્ણય

★ ગરીબો-વંચિતોના હામિ : મુખ્યમંત્રી અમૃતમ-માં યોજના હવે મહિલાઓ અને ૧લાખ ૨૦ હજારથી ઓછી આવક ધરાવતા મધ્યમવર્ગીય પરિવારોને લાભ આપવાની નવતર પહેલ

★ સંવાદ- સેટેલાઇટ કોમ્યુનિકેશન માધ્યમથી રાજ્યના ૧.૯૫ લાખ પ્રાથમિક શિક્ષકો સાથે સંવાદ સાધી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શાળાઓ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા યોજવાનું આહ્વાન

★ રાજનીતીજ્ઞો સાથે ફળદાયી મુલાકાતો : વૈશ્વીક ઓળખ સમાન વાયબ્રંટ ગુજરાતની વિચારધારાને ગતિશીલ બનાવવા સિંગાપોર,કેનેડા,સ્વીત્ઝરલેન્ડ,ફ્રાંસ,ઓસ્ટ્રેલીયા, અને જાપાન સહિતના ૧૮ ઉપરાતં વિદેશી પ્રતિનિધિ મંડળો સાથે વ્યુહાત્મક અને સકારાત્મક સહોયોગ મેળવવાનો કુનેહભર્યો પ્રયાસ

★ સુવિધા : વિદ્યાર્થીઓને વ્યવસાયિક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે સ્વરુચિ અનુકુળતા મુજબ સંસ્થાની પસંદગી માટે www.knowyourcollege.in પોર્ટલનું લોન્ચીંગ

અને ઘણુ બધું

## સૌનો સાથ .... સૌનો વિકાસ



શ્રીમતી આનંદીબેન પટેલ,
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

# ગુજરાત સરકારે યોજેલ વાઇબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટના છ હજારથી વધુ પ્રોજેક્ટનો કોઇ પત્તો નથી

૨૦૧૩માં ગુજરાત સરકારે યોજનેલ વાઇબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં ૧૭ હજાર જેટલા એમઓયુ કર્યા હતા. જે પૈકી ૧૪૯૧ પ્રોજેક્ટ રદ થયા હતા. અને ૬૦૫૨ પ્રોજેક્ટન પત્તો મળતો નહી હોવાની માહિતી વિધાનસભા દ્વારા બહાર આવી હતી.ભાજપ સરકાર એકતરફ સમિટના કારણે ગુજરાત ઔદ્યોગિક પ્રગતિમાં મોખરે હોવાનું ચિત્ર ઉપસાવે છે.તેનાથી વિરોધી વાસ્તવિકતા ખુદ સરકારે આપેલા આંકડા થકી બહાર આવવા પામી છે.

વિધાનસભામાં કોંગ્રેસના દંડક બલવંતસિંહે પુછેલા સવાલના લેખિત જવાબમાં ઉદ્યોગ વિભાગ દ્વારા જણાવાયું હતુ કે કુલ ૧૭,૧૭૯ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્સન મંજુર કરવામાં આવ્યા હતા. જેમાં રુ.૨૪ લાખ કરોડનું રોકાણ થવાનું હતું.૧૪૯૧ એટલે કે કુલ પ્રોજેક્ટના ૮.૪૨ ટકા પ્રોજેક્ટ ડ્રોપ થયા છે.જેના કારણે રાજ્ય સરકારની લાખોની રોજગારીના આંકડા પણ ખોટા પડ્યા છ.વિભાગે જણાવ્યું હતું કે અત્યાર સુધીમા ૧૦૧૭૬ એકમો ઉત્પાદનમાં અથવા તો અમલીકરણના તબક્કામાં છે.બાકીના ૬૦૫૨ પ્રોજેક્ટની છેલ્લી સ્થિતિ જાહેર કરવામાં આવી નથી.તેનો સીધી મતલબ એ થાય છ કે વાઇબ્રન્ટ ૨૦૧૩ દરમિયાન ૭૫૪૩ પ્રોજેક્ટ પડતા મુકાયા છે.સમિટ ૨૦૧૩ દરમિયાન જે એમઓયું થવાના હતા, તેમાંથી ૧૨,૮૮૬ લઘુ અને મધ્યમ ઊદ્યોગને લગતા હતા. એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીગમાં ૧૧૩૨,ઓઇલ એન્ડ ગેસ સેકટરમાં ૧૪૪, પીસીપીઆઇઆર અને જીઆઇડીસીના ૧૪૦,પાવર સેકટરના ૧૫૩ અને શહેરી વિકાસને લગતા ૮૭૩ અને ટુરીઝમને લગતા ૮૭૩ પ્રોજેક્ટના એમઓયુ થયા છે.હવે છ હજાર જેટલા પ્રોજેક્ટનું શું થયુ તેની સ્પષ્ટતા નથી અને ખુદ સરકારે ૧૪૯૧ જેટલા પ્રોજેક્ટ ડ્રોપ થવાનું કબુલ્યુ છે. આમ સરકારી આંકડાઓ જ બતાવે છે કે મોટે મોટથી બતાવામાં આવેલ બાબતોમાં ખરેખર ખોટી જાહેરાતો સરકારે કરી હતી.

# રેલ્વેમાં કોચ અને સીટની પસંદગી શક્ય બનશે

રેલ્વેમાં મુસાફરી કરનારા લોકો માટે આઇઆરસીટીસીની સાઇટ પરથી હવે ટિકીટ મેળવવાનો અનુભવ વધુ સારી રીતે મળી શકશે.આ સાઇટ પરથી અગાઇ કરતાં વધુ ઝડપે ટીકીટ મળી શકશે. આ ઉપરાંત ઓનલાઇન રીઝર્વેશન કરાવતી વખતે કોચ અને સીટ નંબર પસંદ કરવાનો વિકલ્પ પણ મળશે.આઇઆરસીટીસીના સુત્રોએ જણાવ્યુ હતું કે આ સુવિધા ક્યારથી મળી શકશે તે બાબતે હજુ અમો ચોક્કસ નથી. પરંતુ સંભાવના એવી છે કે આ વર્ષે ૧૫ ઓગષ્ટથી આ વિકલ્પ શરુ થઇ શકે.

રેલ્વે મંત્રી સદાનંદ ગૌડાએ પોતાના બજેટ ભાષણમા કહ્યું હતું કે ૨૦૧૪-૧૫માં ઓનલાઇન ટીકીટીંગ સુવિધાઓ વિસ્તૃત કરવામાં આવશે. લોકો, ટ્રેન,કોચ અને સીટ ઓનલાઇન બુક કરી શકશે. રેલ્વે આગામી દિવસોમાં અનરિઝર્વ્ડ અને પ્લેટફોર્મ ટીકીટોનું વેચાણ ઓનલાઇન શરુ કરવાની યોજના બનાવી રહી છે.

આઇઆરસીટીસીના ટીકીટીંગ પ્લેટફોર્મને અપગ્રેડ કર્યા પછી આ સેવાઓ પર કામ શરુ થશે.આ સાઇટ પરથી પ્રતિ મિનિટે અગાઉ ૨૦૦૦ ટીકીટોના મુકાબલે ૭૨૦૦ ટિકીટો કપાવવાનું શરુ થઇ ચુક્યું છે.આ ઉપરાંત આઇઆરસીટીસીની સાઇટ પર એકસાથે એક લાખ ૨૦ હજાર યુઝર્સ લોગ ઇન કરી શકે છે.હવે રેલ્વેનો ઇરાદો પોતા ઓનલાઇન ટીકીટીંગ પ્લેટફોર્મને એ સ્તરે લઇજવાનો છે જેનાથી લોકો કોચ અને સીટની પસંદગી કરવાનો વિકલ્પ મેળવી શકે.વૃધ્ધો અને મહિલાઓને આના કારણે લાભ મળી શકશે.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર,<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨<br>શ્રી હેલ્ફર્સ એલેન્ડી,<br>વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઇલાલભાઇ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨<br>શ્રી પાઉલભાઇ એ. પરમાર,<br>૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |

# પાણીતાણામાં માંસાહાર બંધ કરાવવા સામે મુસ્લીમ સમાજની ચીમકી

પાલીતાણાં જૈનતીર્થ હોવાને કારણે તેને સંપુર્ણ જીવહિંસા મુક્ત કરાવવા માટે જૈનાચાર્યોએ આદરેલા ઉપવાસ આંદોલનને સમાપ્ત કરવા માટે સરકાર તરફથી આ બાબતે ખાત્રી અપાઇ હતી.પરંતુ સ્થાનિક મુસ્લીમ સમુદાયે મોટી સંખ્યામાં એકત્રીતથઇને રમજાન માંસમાં માંસાહાર બંધ નહી કરાવવા માટેની માંગણી કરતું આવેદનપત્ર કલેકટર અને પાલીકા ચીફ ઓફીસરને આપ્યું હતું.

આવેદનપત્રમાં ચીમકી અપાઇ હતી કે જો અમારી વાતને લક્ષમાં લેવામાં નહી આવે તો ગાંધી ચીંધ્યામાર્ગે આંદોલન કરાશે અને નાછુટકે સામુહિક હિજરત કરાશે. માત્ર જૈન મહારાજશ્રીઓના દબાણથી પોલીસ અને પાલિકાની આક્રમક કામગીરીથી મુસ્લીમોની લાગણ દુભાઇ રહી છે. તળેટીથી ખાટકીવાડ ૪ કી.મી. દુર છે. શહેર અને આસપાસના વિસ્તારોમાં વસતા મુસ્લીમોની સંખ્યા ૧૫ થી ૨૦ હજાર જેટલી છે.અમારા ખોરાક સામે આક્રમક બનીને અમારી હેરાનગતિ કરાય છે.ગુજરાત રાજ્યમાં પણ પોલીસે ઠેર ઠેર માંસાહારીઓના ખોરાક સામે આક્રમક બનીને હેરાનગતિ કરવાની નિતી અખત્યાર કરી છે. દેશના કોઇપણ નાગરિકના ખાવા પીવાના હક્કો છીનવી લેવા એ યોગ્ય નથી.

જયારે પાલીતાણા ખાતે અનેક જૈન સાધુ સંતો-ભગવંતો અને વિશાળ શ્રાવક સમુદાયે તલવારો દેખાડીને શપથ લીધા હતા કે જીવરક્ષા માટે તેઓ શક્તિ પ્રદર્શન કરશે.તલવાર એક વાર મ્યાનમાંથી કાઢ્યા પછી તેને લોહીનો સ્વાદ ચખાડ્યા વિના પાછી ન મુકાય એવી પરંપરાગત માન્યતા મુજબ જીવરક્ષા સમિતિના યુવાનોએ તલવારોને પોતાનું લોહી આપીને શક્તિ પ્રદર્શન કર્યુ હતું.સાધુઓની ઉપસ્થિતિમાં સંખ્યાબંધ મહિસાપ્રેમીઓએ જરુર પડ્યે પોતાનું માસ ડોનેટ કરવાની તૈયારી દેખાડી હતી.છેલ્લા કેટલાક સમયથી જૈનો દ્વારા શેત્રુંજય તીર્થને સંપુર્ણ અહીંસામુક્ત કરવા આંદોલન ચાલી રહ્યું છે.તેની સામે મુસ્લીમ સમાજે પણ રમજાનના માસમાં પોતના ખાવાના અધિકાર પર પ્રતિબંધ લગાવનારાઓ સામે તેમણે પણ પ્રતિકાર કર્યો છે.

ગુજરાત સરકારે મતની લાલચમાં વચન આપીને કફોડી હાલતમાં આવી ગઇ છે.જીવદયા સમિતિએ આઠ દિવસમાં તંત્રને આ દિશામાં કામ કરવા જણાવ્યું છે જો તંત્ર તેનું કામ નહી કરે તો તેઓ તે કાર્ય હાથ ધરશે.૧૦ દિવસમાં પાણીતાણાંમાં કાર્યાલય ખુલશે અને ૧૦૦ યુવાનો જીવહિસા અટકાવવાનું કામ શરુ કરશે.મુનિ વિરાગસાગરજીએ કહ્યું હતું કે જે કામ તંત્ર નથી કરી શકતું તે અમારા જીવરક્ષા યુવાનો કરશે.

ભારત દેશનું બંધારણ દરેક નાગરિકને ખાવા પીવાનો અધિકાર અને ધર્મ પાળવાની સ્વતંત્રતા આપે છે.અને એ તેનો અબાધિત અધિકાર છે તેને કોઇ ધર્મને નામે કે અન્ય કોઇ રીતો થી કોઇ પણ ઝુંટવી શકે નહી.હવે સરકારને બેઉ પક્ષોને રાજી રાખવાનો પ્રયત્ન કરવાનો છે.દેશમાં માંસાહારીઓની સંખ્યા શાકાહારીઓ કરતાં વિશેષ છે.શાકાહારમાં માનતા લોકો તેમની માન્યતાને અન્ય પર થોપી તો ના જ શકે, હા શાકાહારના ફાયદાઓ સમજાવીને તેમને માંસાહાર ત્યજવાનું શિક્ષણ આપી શકે છે.સરકારે પોતે સારા અને અદ્યતન કતલખાનાઓ ઉભા કરીને માંસાહારીઓને પુરતો જથ્થો પુરો પાડવો જોઇએ.અને તેમની રોજ બરોજની જરુરીયાતો પુરી પાડવી જોઇએ.જેથી ખાનગી કતલખાનાઓ બંધ થાય.દેશના મોટા કતલખાનાઓના માલિકો કોણ છે તે વિરોધ કરનારાઓની જાણમાં નથી શું ?સહુ પ્રથમ તો તેમને સમજાવવા જોઇએ કે તેઓ આ ધંધો બંધ કરે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.